૨૫૮

અગત્યનું
ક્રમાંક/સ્ટેમ્પ/કયદ/૫૯૩/૦૬/ ૨૨૦૨

સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસની કચેરી,
સ્ટે મ્પ અને નોંધણી ભવન,
સેક્ટર-૧૩-સી,ખ રોડ
ગાંધીનગર.
તા૨/૪/૦૭

વંચાણમાં લીધું:- (૧) મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ -૨૦૦૭ ( ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૧ સને -૨૦૦૭ )
(૨) મહેસુલ વિભાગ જાહેરનામા ક્રમાંક : જીએચએમ /૨૦૦૭/ ૧૯/એમ / એસટીપી/ ૧૦૨૦૦૬/ ૪૧૯૭ /હ-૧ તા. ૩૦/૩/૨૦૦૭

## પરીપત્ર:-

રાજય સરકારે મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ ૨૦૦૭ ( ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૧ સને -૨૦૦૭ ) અન્વયે સ્ટેમ્પ અધિનિયમની જોગવાઈઓ માં નીચે મુજબના સુધારા કરેલ છે. સદર અધિનિયમ સંદર્ભ(૨) વાળા તા. ૩૦/૩/૦૭ ના જાહેરનામા અન્વયે તા. ૧/૪/૦૭ થી અમલી બનેલ છે.

મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ ૨૦૦૭ (ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૧ સને ૨૦૦૭) અન્વયે સ્ટેમ્પ અધિનિયમની જોગવાઈઓ તથા અનુસુચિ -૧માં નવો આર્ટીકલ -૪૮ -ક દાખલ કરવા સંબધે અમલમાં આવતા સુધારાની વિગતો :-

(૧) મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ-૨ ના :-

૧. ખંડ (ટ)માં " સહી કરેલો " અને " સહી કરવી" એ શબ્દોમાં ઈન્ફરમેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૦ ની કલમ -૧૧ માં જોગવાઈ કર્યા પ્રમાણે ઈલેકટ્રોનીક રેકર્ડના અધિકાર ( attribution ) નો પણ સમાવેશ કરવામાં આવેલ છે . સબબ સ્ટોક એકસચેંજ અને કોમોડીટીઝ એસોસીયેશન મારફતે થતા સોદાઓ સંબંધી ઈલેકટ્રોનીક જનરેટેડ લેખો સહી કરેલા છે એમ ગણાશે.
(અમલ : નક્ષણશાખા, અશન શાખા, નાયબ કલેકટરશ્રી , સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર તમામ)

૨. ખંડ (ઠક)માં આપવામાં આવેલ " સ્થાવર મિલકત " ની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરેલ સ્પષ્ટીકરણની વિગતે કારખાનાના કોઈ પ્લાન્ટ અને યંત્રસામગ્રીને સદરહુ કારખાનું ચલાવવાના ઈરાદાથી તબદીલ કરવામાં આવે અથવા વેચવામાં આવે ત્યારે આવી લેવડદેવડ સ્થાવર મિલકતની લેવડ દેવડ હોવાની ગણવાની રહેશે.

(અમલ : નક્ષણશાખા, અશન શાખા, અપીલ શાખા , નાયબ કલેકટરશ્રી , સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર તમામ)

KYD-G

૩. ખંડ (ડ) માં નોંધ (૩) પછી નવી નોંધ (૪) દાખલ કરીને પહોંચવાળુ ચલણ ( Receipted Chalan) અથવા ઈ-સ્ટેમ્પીગ હેઠળ કાઢી આપેલા પ્રમાણપત્રનો અથવા નિયમોથી ઠરાવવામાં આવે એવી બીજી પધ્ધતિનો ઈમ્પ્રેસ્ડ સ્ટેમ્પની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવેલ છે.

૪. ખંડ (ઢ) માં આપવામાં આવેલ "લેખની " વ્યાખ્યામાં સ્પષ્ટીકરણ દાખલ કરીને લેખની વ્યાખ્યામાં સમાવિષ્ટ " દસ્તાવેજ " એ શબ્દમાં ઈન્ફર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૦ ની કલમ--૨ની પેરા કલમ : (૧) ના ખંડ(બ) માં વ્યાખ્યા કર્યા મુજબના કોઈ ઈલેકટ્રોનીક રેકર્ડનો પણ સમાવેશ થાય છે.

(અમલ : નક્ષણશાખા, અશન શાખા, નાયબ કલેકટરશ્રી , સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર તમામ)

(૨) | <u>કલમ-૫ :-</u>

અધિનિયમની કલમ-૫ માં જુદી જુદી બાબતો ઉપરાંત જુદી જુદી લેવડદેવડનો સમાવેશ કરવામાં આવેલ છે. આમ અલગ અલગ સંસ્થા / વ્યકિત / કંપની હોય અને ગીરો વેચાણ વગેરે અલગ અલગ બાબતો / વ્યવહાર / લેવડદેવડનો એક જ લેખમાં સમાવેશ કરેલ હોય ત્યારે કલમ-૫ની જોગવાઈ અનુસાર દરેક જુદાજુદા લેખ ઉપર અધિનિયમ મુજબ લેવાની થાય તે ડયુટીની કુલ રકમ લેવાની થશે.

(અમલ : નક્ષણશાખા, અશન શાખા, નાયબ કલેકટરશ્રી , સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર તમામ)

<u>(૩) કલમ-૯:-</u>

અધિનિયમની કલમ-૯ ના ખંડ (ખ)માં સુધારો દાખલ કરીને એકસામાટી લેવાપાત્ર સ્ટેમ્પ ડયુટીની જોગવાઈ વિસ્તૃત કરવામાં આવેલ છે. સુધારેલ જોગવાઈ અનુસાર અનુસુચિ -૧માં જણાવેલ કોઈ પણ લેખ સંબંધમાં એક સામટી સ્ટેમ્પ ડયુટી ભરપાઈ થઈ શકશે . (અમલ :- નિરીક્ષણ શાખા )

<u>(૪) કલમ.૧૦:-</u>

અધિનિયમની કલમ.૧૦ માં સુધારો કરીને કલમ - ૨ ના ખંડ (ડ) ની નોંધ (૪) માં નિર્દિષ્ટ કરેલી બીજી પધ્ધતિઓની કાર્યરીતી નકકી કરી સકાશે.

<u>(૫) કલમ ૩૨-ખ રદ કરવા બાબત :-</u>

મુ.સ્ટેમ્પ અધિનિયમની કલમ ૩૨-ખ રદ કરવામાં આવેલ છે. સબબ અધિનિયમની કલમ.૩૧ અથવા કલમ ૩૨-ક હેઠળ બજાર કિંમત નકકી કરતાં કલેકટરના હુકમ સામે પક્ષકારને વિવાદ હોય તો, કલમ-૩૨-ખને બદલે હવે સુધારેલ અધિનિયમની

કલમ–૫૩(૧) હેઠળ અપીલ કરવાની રહેશે. વિશેષમાં અધિનિયમની કલમ–૩૨–ખ હેઠળની પડતર અપીલો સંબંધે તા. ૧/૪/૨૦૦૭ કે તે પછી અધિનિયમની કલમ–૫૩ (૧) હેઠળ સમાવેશ થતો હોઈ અધિનિયમની કલમ ૫૩ (૧) હેઠળ હુકમો કરવાના થશે.

(અમલ: અપીલશાખા, નાયબ કલેક્ટરશ્રી , સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર તમામ)

(૬) નવી કલમ–૪૬ –ક :–

અધિનિયમમાં કલમ: ૪૬ પછી નવી કલમ ૪૬–ક દાખલ કરીને સદર કલમની જોગવાઈની વિગતે કલેકટર નિવેદન અથવા પત્રક રજૂ કરવા અથવા કોઈ માહિતી પુરી પાડવા ફરમાવી શકશે. તેમ જ આવી માહિતી નિવેદન અથવા પત્રક રજુ કરવામાં ચુક કરે તો, કલેકટર સાંભળવાની તક આપ્યા પછી આવા કસુર માટે રૂપિયા પાંચ હજારથી વધુ ન હોય તેટલો દંડ વસુલ લઈ શકશે.

(અમલ :– નિરિક્ષણ શાખા , નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર–તમામ)

(૭) કલમ –૫૩(૧) માં સુધારા બાબત:–

(અ) અધિનિયમની કલમ ૫૩ (૧) માં સુધારો કરીને કલમ ૩૨–ક (પ્રકરણ–૩) નો સમાવેશ પણ કલમ – ૫૩ (૧) માં આવરી લેવામાં આવેલ છે. સબબ તા.૧/૪/૨૦૦૭ કે તે પછી કલમ ૩૨–ક ના હુકમ સામે પક્ષકારને વિવાદ હોય તો અધિનિયમની કલમ : ૫૩ (૧) હેઠળ અપીલ રજુ કરવાની રહેશે.

(બ) અધિનિયમની કલમ–૫૩ નો ડીપોઝીટની રકમ ભરવામાં હાડમારીના કિસ્સામાં ૫૦% સુધીની છુટછાટ સંબંધી બીજો પરંતુક રદ કરવામાં આવેલ છે. સબબ હવે પક્ષકારે અપીલ અરજી સાથે ૨૫% ડીપોઝીટ ભરીને જ અપીલ સીધી C.C.R.A . ને રજુ કરવાની રહેશે. આમ હવે નાયબ કલેકટરને રેફરન્સ કરવાની જરૂરીયાત રહેશે નહી . અરજદારને ડીપોઝીટ ભરવામાં સરળતા રહે તે હેતુસર સંબંધિત નાયબ કલેકટરશ્રીના કચેરીમાં ચલણ ઘ્વારા ડીપોઝીટની રકમ ભરપાઈ કરી શકશે. આ ઉપરાંત મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે ડીમાન્ડ ડ્રાફ્ટ ,પે ઓર્ડર, ચલણ ઘ્વારા પણ ભરપાઈ કરી શકશે. ડીપોઝીટની ૨૫% રકમ ભરપાઈ કરવામાં કોઈ છુટછાટ મળવાપાત્ર થશે નહી. નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રની કચેરી તથા મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રીના કચેરીએ જાહેર જનતાને ધ્યાન ઉપર આવે તે રીતે અને જગ્યાએ બોર્ડ મુકવાના રહેશે.

( અમલ :– અપીલશાખા , નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર (તમામ )

(૮) આર્ટીકલ –૩૯ માં સ્પષ્ટીકરણ દાખલ કરવા બાબત :–

અધિનિયમની અનુસુચિ –૧ ના આર્ટીકલ :૩૯ માં ખંડ (જ) પછી નવું સ્પષ્ટીકરણ દાખલ કરવામાં આવેલ છે. સદર સ્પષ્ટીકરણની વિગતે વેપારી સભ્ય હોય તેવી પેઢીએ

તેના માટે અથવા માલીકે પોતાના માટે શેરબજાર અથવા કોમોડીટીઝ એસોસીએશન મારફત કરેલી લેવડદેવડનું રેકર્ડ (ઈલેકટ્રોનીક અથવા અન્યથા ) આર્ટીકલ :૩૯ ના હેતુ માટે ચીઠ્ઠી અથવા યાદી હોવાનું ગણાશે. સબબ હવે આવા વ્યવહારો ઉપર કાયદેસર રીતે સ્ટેમ્પ ડયુટી વસુલ લઈ શકાશે .

(અમલ : નક્ષણ શાખા , નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર (તમામ)

<u>(૯) નવો આર્ટીકલ : ૪૮ –ક :–</u>

અધિનિયમની અનુસુચિ : ૧ માં આર્ટીકલ :૪૮ પછી નવો આર્ટીકલ :૪૮ –ક ગુજરાત અધિનિયમ નં.–૧૧/૨૦૦૭ની વિગતે દાખલ કરવામાં આવેલ છે. સબબ નવા આર્ટીકલ :૪૮|–ક ની જોગવાઈ ની વિગતે ટ્રેડીંગ મેમ્બરે (વેપારી સભ્ય) સ્ટોક એકસચેંજ (શેરબજાર) અથવા
એસોસીએશન મારફતે કરેલી લેવડ દેવડના રેકર્ડ (ઈલેકટ્રોનીકસ અથવા અન્યથા) આધારીત વ્યવહારો ઉપર ઠરાવેલ દર મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલ લેવાની રહેશે .

(અમલઃ– નિરીક્ષણ શાખા, નાયબ કલેકટરશ્રી તમામ, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર )

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમમાં ઉપરોકત ગુજરાત અધિનિયમ નં.–૧૧/૨૦૦૭ અન્વયે સુધારવામાં આવેલ જોગવાઈઓનો વિગતપુર્ણ અભ્યાસ કરવા અને તે અનુસાર ચુસ્તપણે અમલ કરવા આથી તમામ સંબંધિત અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને જણાવવામાં આવે છે. સાથોસાથ પ્રત્યેક મુદામાં કૌંસમાં જણાવેલ સંબંધિત શાખાના અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓએ અમલીકરણ બાબતે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી અમલ કરવાનો રહેશે.

સદર પરિપત્ર મળ્યાની પહોંચ દિન –૭ માં અચુક મોકલી આપવા પણ આથી જણાવવામાં આવે છે. આ બાબતને સ્થાનિક વર્તમાનપત્રોમાં / નોટીસ બોર્ડ પર પણ બહોળી પ્રસિધ્ધિ અપાવી, તેમજ નોટીસ બોર્ડ પર પણ પ્રસિધ્ધ કરવી.

સહી/–
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ
અને
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
નોધણી અમલદારશ્રી (તમામ )
નકલ સવિનય રવાનાઃ–
(૧) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ હ–૧ શાખા સચિવાલય, ગાંધીનગર.
(૨) જીલ્લા કલેકટરશ્રી (તમામ) તરફ ઉકત વિગતે જાણ તથા અમલ સારું.

નકલ રવાનાઃ– (૧) અધિક કલેકટરશ્રી (અપીલ) ગુજરાત રાજય, ગાંધીનગર.
(૨) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય ,ગાંધીનગર.
(૩) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય ,ગાંધીનગર.

(૪) નાયબ નોધણીસર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય ,ગાંધીનગર તરફ (૨૦૦ નકલો સાથે ) તમામ નોધણી નિરીક્ષકશ્રી, નોધણી અમલદારશ્રીઓને જાણ કરવા તથા નોટીસ બોર્ડ પર મુકવા સારું.
(૫) રહસ્ય સચિવશ્રી, સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર.
(૬) નાયબ કલેકટરશ્રી (તમામ) સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રની કચેરી
(૭) આસી.સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, અમદાવાદ
(૮) ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પ્સ, સ્ટેમ્પ્સ / મુલ્યાંકન તંત્ર
(૯) ડે. આસી. સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, સ્ટેમ્પ્સ / મુલ્યાંકન તંત્ર
(૧૦) હિસાબી અધિકારીશ્રી, સ્ટેમ્પ્સ /મુલ્યાંકન તંત્ર
(૧૧) એસ.ઓ. ફાઈલ
(૧૨) તમામ શાખાઓ

રવાના કર્યું:-

નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજય, ગાંધીનગર.